# વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

આથી ધી નવાનગર કો-ઓપરેટીવ બેંક લી.,જામનગરના તમામ સભાસદશ્રીઓને જણાવવાનું કે, વૈશ્વિક કોરોના મહામારીના કારણે સરકારશ્રી તરફથી આ અંગે વખતોવખત ઈસ્યુ કરવામાં આવેલ એડવાઈઝરી જોતા બેંકની વાર્ષિક સામાન્ય સભા ફીઝીકલી બોલાવવી શકય બને તેમ ન હોય ડીઝીટલી પ્લેટફોર્મ NSDL પર ઓનલાઈન બેંકની ૪૨મી વાર્ષિક સામાન્ય સભા e-AGM તરીકે તા. ૦૬-૧૨-૨૦૨૦ને રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે નીચે મુજબની કાર્યસુચી માટે બોલાવવામાં આવે છે. આ વાર્ષિક સામાન્ય સભામાં ઓનલાઈન હાજર રહી LOGIN થવા માટેની ગાઈડલાઈન્સ બેંકની વેબ સાઈટ **www. nawanagarbank.co.in** પર મુકવામાં આવેલ છે. તેમજ આ સાથે સામેલ રાખી પણ મોકલવામાં આવે છે. આ મુજબ કાર્યવાહી કરી વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકાશે.

સભાસદશ્રીને સને ૨૦૧૯-૨૦ના વર્ષનું બેલેન્સશીટ, નફા નુકશાન ખાતું તથા વાર્ષિક અહેવાલની જરૂરીયાત હોય તો બેંકની કોઈપણ શાખા માંથી બેંકના કામકાજ સમય દરમ્યાન મેળવી શકાશે. તેમજ સભાસદ નંબરની આવશ્યકતા રહેતી હોય તો બેંકની હેડ ઓફીસ માંથી બેંકના કામકાજ સમય દરમ્યાન મેળવી શકાશે.

## કાર્યસુચિ (એજન્ડા)

૧. તા. ૨૭-૦૭-૨૦૧૯ના રોજ યોજાયેલ વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલ રાખવા બાબત

૨. તા. ૩૧.૩.૨૦૨૦ના રોજ પુરા થયેલ વર્ષના ઓડીટ થયેલા હિસાબો તથા ઓડીટર્સ રીપોર્ટ મંજુર કરવા તથા બોર્ડ ઓફ ડાયરેકટર્સ તરફથી ૨૦૧૯-૨૦ના વર્ષનો રજુ થયેલ કામકાજ અહેવાલ મંજુર કરવા.

૩. સને ૨૦૧૯-૨૦ના વર્ષના ચોખ્ખા નફાની રકમ રૂા. ૧૦,28,01,679.43 પૈ.ની કરવામાં આવેલ ફાળવણીને બહાલી આપવા બાબત

૪. બેંકના પેટાનિયમોમાં સુધારાઓ મંજુર કરવા બાબત

૫. સને ૨૦૧૯-૨૦ના વર્ષની સભાસદ ભેટ આપવા વિચારણા કરવા બાબત

૬. નબળાં ધિરાણ ખાતાઓની પતાવટથી થયેલ વસુલાતને બહાલી આપવા બાબત.

૭. ચેરમેનશ્રી તરફથી અગર તેમની મંજુરીથી બેંકના હિતમાં જે બાબતો રજુ થાય તે પર વિચારણા કરી યોગ્ય કરવા.

જામનગર
તા. ૨૦-૧૧-૨૦૨૦

**આર. કે. શાહ**
મેનેજીંગ ડાયરેકટર

**નોંધઃ- ૧.** સભા મળવાના સમયથી અડધા કલાક સુધીમાં કોરમ નહિં થાય તો સભા અડધો કલાક મુલત્વી રાખવામાં આવશે. અડધા કલાક પછી ફરીથી મળશે જેમાં કોરમનો બાદ રહેશે નહીં.

૨. જો સભાસદશ્રીઓને વાર્ષિક સામાન્ય સભામાં કોઈ પ્રશ્ન પુછવાના હોય તો બેંકને અઠવાડીયા પહેલા લેખિતમાં મોકલવાના રહેશે. જેનો જવાબ લેખીતમાં મોકલી આપવામાં આવશે. શકય હશે તો વાર્ષિક સામાન્ય સભામાં પણ માહિતી અપાશે.

| બેંકના પેટા નિયમોમાં સુધારાઓ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | પેટા નિયમ નંબર | હાલનો પેટા નિયમ | સુધારા બાદ પેટા નિયમ | સુધારાના કારણો |
| ૧ | ૩૪ | **બોર્ડની પેટા કમીટી**<br>બોર્ડ ડીરેકટર્સ પોતાની ફરજો પૈકીની જરૂર લાગે એવી ફરજો બોર્ડ પોતાનામાંથી ચુંટાયેલા સભ્યોની પેટાકમીટીને સોંપી શકશે. આવી પેટા કમિટીનું કામકાજ સાધારણ રીતે બોર્ડનું કામકાજ જે રીતે ચાલતું હશે તે રીતે અને તે ધોરણે ચાલશે. આ રીતે નીમેલી પેટા કમિટી બોર્ડની સુચના પ્રમાણે અને આપેલ સતા પ્રમાણે પોતાની ફરજો બજાવશે. આવી કમિટીઓમાં જો ચેરેમનની નિમણુંક થઈ હશે તો તે કમીટીમાં પ્રમુખ તરીકે ચેરમેન કામ કરશે. પરંતુ આવી કોઈ કમિટીમાં ચેરમેનનો સમાવેશ થતો હશે નહીં તો બોર્ડ ઓફ ડીરેકટર્સ પેટા કમીટીના સભ્યો પૈકી એકને ચેરમેન તરીકે નિમશે. | **બોર્ડની પેટા કમીટી**<br>(૧) બોર્ડ ડીરેકટર્સ પોતાની ફરજો પૈકીની જરૂર લાગે એવી ફરજો બોર્ડ પોતાનામાંથી ચુંટાયેલા સભ્યોની પેટાકમીટીને સોંપી શકશે. આવી પેટા કમિટીનું કામકાજ સાધારણ રીતે બોર્ડનું કામકાજ જે રીતે ચાલતું હશે તે રીતે અને તે ધોરણે ચાલશે. આ રીતે નીમેલી પેટા કમિટી બોર્ડની સુચના પ્રમાણે અને આપેલ સતા પ્રમાણે પોતાની ફરજો બજાવશે. આવી કમિટીઓમાં જો ચેરેમનની નિમણુંક થઈ હશે તો તે કમીટીમાં પ્રમુખ તરીકે ચેરમેન કામ કરશે. પરંતુ આવી કોઈ કમિટીમાં ચેરમેનનો સમાવેશ થતો હશે નહીં તો બોર્ડ ઓફ ડીરેકટર્સ પેટા કમીટીના સભ્યો પૈકી એકને ચેરમેન તરીકે નિમશે.<br><br>(૨) **બોડ ઓફ મેનેજમેન્ટઃ-**<br>રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની વખતોવખતની ગાઈડલાઈન્સ મુજબ બોર્ડ ઓફ ડિરેકટર્સની જવાબદારી અદા કરવામાં મદદરૂપ થવા અને બેંકના વ્યવસાય સંચાલનને સુગમ બનાવવા માટે બોર્ડ ઓફ ડિરેકટર્સ બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરશે. તેમજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની વખતોવખત ગાઈડલાઈન્સ મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટને કાર્યો સોંપવામાં આવશે.<br><br>બોર્ડ ઓફ મેનેજમેન્ટનું સંખ્યાબળ તથા સમયઅવધી રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની વખતોવખતની ગાઈડલાઈન્સ મુજબ બોર્ડ ઓફ ડાયરેકટર્સ નકકી કરશે.<br><br>બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં સભ્યોની નિમણુંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તરફથી નિયત કરાયેલ લાયકાત અને ગાઈડલાઈન્સ મુજબ | રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન્સ મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવાની થતી હોવાથી |

# બેંકના પેટા નિયમોમાં સુધારાઓ

| ક્રમ | પેટા નિયમ નંબર | હાલનો પેટા નિયમ | સુધારા બાદ પેટા નિયમ | સુધારાના કારણો |
|---|---|---|---|---|
| | | | બોર્ડ ઓફ ડિરેકટર્સ કરશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં નિમણુંક થતા સભ્યો પાસે જરૂરી ડિકલેરેશન અને અન્ડરટેકીંગ પણ નિયત થયેલ નમુના મુજબ લેવાનું રહેશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો દ્વારા નકકી થશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગ જરૂરીયાત મુજબ મળશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યોને સીટીંગ ફી નિયમોનુસાર ચુકવી શકાશે. | |
| ૨ | ૩૬ (૧) (અ) | જે તે વખતની જરૂરીયાત પ્રમાણે બેંકમાં સેક્રેટરી,ચીફ જનરલ મેનેજર, જનરલ મેનેજર અગર મેનેજર વિગેરે અમલદારોની તથા કર્મચારીઓની નિમણુંક કરવી તેમજ તેમને આપવાના પગાર, ભાડા- ભથ્થા તથા બોનસ -ઉત્પાદકતા આધારીત વળતર કે લક્ષ્યાંક સિધ્ધી સંબધીનું વિશેષ વળતર વિગેરે નકકી કરવા તેમજ તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવા જેમાં બરતરફ કરવા સુધીની શિક્ષા પણ કરી શકશે. | જે તે વખતની જરૂરીયાત પ્રમાણે બેંકમાં, સેક્રેટરી, ચીફ જનરલ મેનેજર, જનરલ મેનેજર અગર મેનેજર વિગેરે અમલદારોની તથા કર્મચારીઓની નિમણુંક કરવી તેમજ તેમને આપવાના પગાર, ભાડા- ભથ્થા તથા બોનસ -ઉત્પાદકતા આધારીત વળતર કે લક્ષ્યાંક સિધ્ધી સંબધીનું વિશેષ વળતર વિગેરે નકકી કરવા તેમજ તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવા જેમાં બરતરફ કરવા સુધીની શિક્ષા પણ કરી શકશે. બોર્ડ આ મુજબ તમામ કાર્યવાહી સ્ટાફ કમીટી મારફત કરશે.<br><br>મુખ્ય કાર્યકારી અધિકારી (ચીફ એકઝીકયુટીવ ઓફીસર)ની નિમણુંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની આ અંગેની વખતોવખતો વખતની ગાઈડલાન્સ મુજબ " ફીટ પ્રોપર ક્રાઈટેરીયા" મુજબ કરવાની રહેશે. તથા તે અંગે તેમની પાસે ડીકલેરેશન તથા અન્ડરટેકીંગ પણ નિયત થયેલ નમુના મુજબ લેવાનું રહેશે.<br><br>મુખ્ય કાર્યકારી અધિકારી (ચીફ એકઝીકયુટીવ ઓફીસર) તરીકેની નિમણુંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની પુર્વ મંજુરી મેળવીને કરવાની રહેશે. | રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન્સ મુજબ મુખ્ય કાર્યકારી અધિકારીની નિમણુંક, દુર કરવા તથા રાજીનામું મંજુર કરવા અંગે સુધારો કરવાનો થતો હોવાથી |

# બેંકના પેટા નિયમોમાં સુધારાઓ

| ક્રમ | પેટા નિયમ નંબર | હાલનો પેટા નિયમ | સુધારા બાદ પેટા નિયમ | સુધારાના કારણો |
|---|---|---|---|---|
| | | | મુખ્ય કાર્યકારી અધિકારી(સી.ઈ.ઓ.)ને દુર કરવા કે તેનું રાજીનામું સ્વીકારવા અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની આ અંગેની વખતો વખતની ગાઈડલાઈન્સને અનુસરવાનું રહેશે. | |
| ૩ | ૪૩ | **મુખ્ય વહીવટી અધિકારીની ફરજોઃ-**<br>ચીફ જનરલ મેનેજરની નિમણુંક થયેલ હોય તો તે અન્યથા જનરલ મેનેજર મુખ્ય વહીવટી અધિકારી તરીકે મેનેજીંગ ડાયરેકટરના સામાન્ય અંકુશને પાત્ર રહીને નીચેની ફરજો અદા કરશે. | **મુખ્ય કાર્યકારી અધિકારી (ચીફ એકઝીકયુટીવ ઓફીસર)ની ફરજોઃ-**<br>બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા નિયુકત ચીફ એકઝીકયુટીવ ઓફીસર બોર્ડ ઓફ ડાયરેકટર્સના સામાન્ય અંકુશમાં રહીને આ કલમ નીચેની પેટાકલમોની જોગવાઈઓ મુજબ પોતાની ફરજો અદા કરશે. | ચીફ એકઝીકયુટીવ ઓફીસરનું યોગ્ય નામાભિધાન કરવા |

## બેંકની ૪૧મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭-૦૭-૨૦૧૯ની કાર્યવાહી નોંધ

બેંકની ૪૧મી વાર્ષિક સામાન્ય સભા આજ-રોજ તા. ૨૭-૦૭-૨૦૧૯ ને શનિવારના રોજ શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળા, ન્યુ જેલ રોડ, પવન ચકકી પાસે,જામનગર ખાતે સાંજના ૧૬-૦૦ કલાકે બેંકના ચેરમેન શ્રી કિરણભાઈ આર. માધવાણીના અધ્યક્ષ પદે મળેલ હતી. જેમાં ૪૨૮ સભાસદશ્રીઓ હાજર રહેલ હતા.

કોરમ પુરૂ થતાં કામકાજ શરૂ કરવામાં આવ્યું. સૌ પ્રથમ બેંક ના ચેરમેન શ્રી કિરણભાઈ.આર.માધવાણીએ સામાન્ય સભામાં હાજર રહેલ માનનીય સભાસદો નું બેંક વતી હાર્દીક સ્વાગત કરેલ. ત્યાર બાદ કાર્યસુચી મુજબની કાર્યવાહી શરૂ કરવામાં આવી. જેમાં ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા.

**ઠરાવ નં.૧:**

આ અગાઉ તા. ૨૮-૦૭-૨૦૧૮ના રોજ યોજાયેલી વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી વાંચી સંભળાવવામાં આવી અને આ કાર્યવાહીને સર્વાનુમતે મંજુર કરવાનું આ સભા ઠરાવે છે.

**ઠરાવ મુકનાર:- પ્રદિપભાઈ એચ. શાહ      ટેકો આપનાર: - ઓમપ્રકાશ એમ. મહેશ્વરી**

**ઠરાવ નં.૨:**

નીચેના પરિશિષ્ટ મુજબ પેટા નિયમોના સુધારાઓ મંજુર કરવાનું અને આ સુધારાઓ જીલ્લા રજીટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, જામનગરની મંજુરી માટે મોકલી આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | પેટા નિયમ નંબર | હાલનો પેટા નિયમ | સુધારા બાદ પેટા નિયમ | સુધારાના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૧૮ | **શેર ધારણ કરવા બાબત**<br>બેંકનું કરજ લેનાર સભાસદે ધિરાણના પ્રમાણમાં નીચે મુજબ શેરો ખરીદવાના અને ધારણ કરવાના રહેશે.<br>(૧) અનસીકયોર્ડ ધિરાણના ૫% મુજબ<br>(૨) સીકયોર્ડ ધિરાણના ૨.૫% મુજબ<br>(૩) નાના ઉધોગના કિસ્સામાં દર વર્ષે ૧% મુજબ કુલ પ્રમાણમા ૨.૫% થાય ત્યાં સુધી | **શેર ધારણ કરવા બાબત**<br>બેંકનું કરજ લેનાર સભાસદે ધિરાણના પ્રમાણમાં નીચે મુજબ શેરો ખરીદવાના અને ધારણ કરવાના રહેશે.<br>(૧) અનસીકયોર્ડ ધિરાણના ૫% મુજબ<br>(૨) સીકયોર્ડ ધિરાણના ૨.૫% મુજબ<br>(૩) નાના ઉધોગના કિસ્સામાં દર વર્ષે ૧% મુજબ કુલ પ્રમાણમા ૨.૫% થાય ત્યાં સુધી<br>**પરંતુ** રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની વખતોવખતની ગાઈડલાઈન મુજબ શહેરી સહકારી બેંકોને તેના CRAR ને લક્ષમાં લેતા ધિરાણના પ્રમાણમાં શેર કપાત કરવા માંથી મુકતી આપવામાં આવેલ હશે તો ઉપર મુજબ ધિરાણના પ્રમાણમાં શેર કપાત કરવાના રહેશે નહી | રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ગાઈડલાઈન મુજબ જે શહેરી સહકારી બેંકનો CRAR ૧૨% હોય તેને ધિરાણના પ્રમાણમાં શેર કપાત કરવા માંથી મુકતી આપેલ છે. |

| ક્રમ | પેટા નિયમ નંબર | હાલનો પેટા નિયમ | સુધારા બાદ પેટા નિયમ | સુધારાના કારણો |
|---|---|---|---|---|
| ૨ | ૫૫ (ક) (૩) | ૧૫ ટકા સહકારના પ્રચાર માટે કાઢવામાં આવશે તેમજ બેંકના કામકાજને ફાયદો થાય તેમજ સહકારી પ્રવૃતીને ઉત્તેજન મળે તે રીતે વાપરવામાં આવશે. તેની વ્યવસ્થા કરવાનો અધિકાર બોર્ડ ઓફ ડાયરેકટર્સને રહેશે. | ૧૨ ટકા સહકારના પ્રચાર માટે કાઢવા માં આવશે તેમજ બેંકના કામકાજને ફાયદો થાય તેમજ સહકારી પ્રવૃતીને ઉત્તેજન મળે તે રીતે વાપરવામાં આવશે. તેની વ્યવસ્થા કરવાનો અધિકાર બોર્ડ ઓફ ડાયરેકટર્સને રહેશે. | સહકારી પ્રચાર ફંડમાં પર્યાપ્ત ફંડ ઉપલબ્ધ છે. જયારે બેંકનો વિકાસ થતા તેમજ શાખાઓ માં વધારો થતા સ્ટાફની સંખ્યા વધતા સ્ટાફ વેલ્ફેર ફંડ ખાતે વધુ રકમની જરૂરીયાત રહેતી હોવાથી |
| | ૫૫ (ક) (૫) | ૯ ટકા સ્ટાફ વેલ્ફેર ફંડ ખાતે લઈ જવામાં આવશે. જેનો બેંકના કર્મચારીઓના હિતાર્થે ઉપયોગ કરવામાં આવશે. | ૧૨ ટકા સ્ટાફ વેલ્ફેર ફંડ ખાતે લઈ જવામાં આવશે. જેનો બેંકના કર્મચારીઓના હિતાર્થે ઉપયોગ કરવામાં આવશે. | |

**ઠરાવ મુકનાર:- મહેન્દ્રભાઈ અંબાવીભાઈ પટેલ     ટેકો આપનારઃ – પ્રેમચંદ ભાણજીભાઈ પડાયા**

**ઠરાવ નં.૩:**

તારીખ ૩૧–૩–૨૦૧૯ ના પુરા થતા વર્ષનું ઓડીટ થયેલ નફા–નુકશાન ખાતું, તા.૩૧–૩–૨૦૧૯ ના રોજનું સરવૈયું તથા ઓડીટર્સ રીર્પોટ અને બોર્ડ ઓફ ડાયરેકટર્સ તરફથી રજુ થયેલ ૨૦૧૮–૨૦૧૯ ના વર્ષના કામકાજના અહેવાલ ને મંજુર કરવાનું આ સભા ઠરાવે છે.

**ઠરાવ મુકનાર:- જયંતીલાલ પ્રેમચંદ જાખરીયા  ટેકો આપનારઃ-  હર્ષવદન સોમંચદભાઈ ગોસરાણી**

**ઠરાવ નં. ૪:**

તારીખ ૩૧–૩–૨૦૧૯ ના હિશાબી વર્ષના અંતે ચોખ્ખા નફાની રકમ રૂા. 9,90,58,913.45 પૈ. થયેલ છે. જેની નીચે મુજબની બોર્ડ ઓફ ડાયરેકટર્સે ભલામણ કરેલ ફાળવણીને મંજુર કરવાનું આ સભા સર્વાનુમતે ઠરાવે છે.

| | **સને ૨૦૧૮–૧૯ના વર્ષના નફાની ફાળવણી** | **રકમ રૂા.** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| | **ચોખ્ખો નફો** | | 9,90,58,913.45 |
| | બાદ | | |
| | રીઝર્વ ફંડ (ચોખ્ખા નફાના ૨૫%) પેટા નિયમઃ- ૫૫(બ)(૧) | 2,47,64,728.45 | |
| | શેર પર ડિવીડન્ડ (શેર મુડીના ૧૫%) પેટા નિયમઃ- ૫૫(બ)(૨) | 2,16,82,000.00 | |
| | સહકારી શિક્ષણ ફંડ ખાતે (મહતમ) (નફાના ૨.૫% અથવા મહતમ મર્યાદા મુજબ બે માંથી જે ઓછુ હોય તે) પેટા નિયમઃ- ૫૫(બ)(૩) | 3,00,000.00 | |
| | ૧૫% ખરાબ લેણાં અનામત પેટા નિયમઃ- ૫૫(બ)(૭) | 1,48,58,837.00 | |
| | ધર્માદા ફંડ ( ચોખ્ખા નફાના ૧% )પેટા નિયમઃ- ૫૫(બ)(૮) | 9,90,589.00 | |

| | **સને ૨૦૧૮-૧૯ના વર્ષના નફાની ફાળવણી** | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|
| | શ્રી ઈન્વેસ્ટમેન્ટ રીઝર્વ ફંડ (પેટા નિયમઃ- ૫૫(બ)(૯) ) | 50,00,000.00 | |
| | કુલ ફાળવણી (પેટા નિયમઃ- ૫૫ (બ) ) મુજબ | | **6,75,96,154.45** |
| | ઉપર મુજબ કપાત પછી બાકી રહેતી રકમ કે જેની ફાળવણી પેટા નિયમ ૫૫ (ક) મુજબ કરવાની રહે છે. | | **3,14,62,759.00** |
| **25%** | બિલ્ડીંગ ફંડ ખાતે - પેટા નિયમઃ- ૫૫(ક)(૧) | 78,65,690.00 | |
| **10%** | ડિવિડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ ખાતે-પેટા નિયમઃ- ૫૫(ક)(૨) | 31,46,276.00 | |
| **15%** | સહકારી પ્રચાર ફંડ ખાતે - પેટા નિયમઃ- ૫૫(ક)(૩) | 47,19,414.00 | |
| **9%** | સ્ટાફ વેલ્ફેર ફંડ ખાતે - પેટા નિયમઃ- ૫૫(ક)(૫) | 28,31,648.00 | |
| **3%** | કન્ટીજન્સી ફંડ ખાતે - પેટા નિયમઃ- ૫૫(ક)(૬) | 9,43,883.00 | |
| **30%** | સભાસદ કલ્યાણ ફંડ ખાતે - પેટા નિયમઃ- ૫૫(ક)(૭) | 94,38,828.00 | |
| **2%** | શહેરી વિકાસ ફંડ - પેટા નિયમઃ- ૫૫(ક)(૮) | 6,29,255.00 | |
| **6%** | સ્પેશ્યલ રીઝર્વ ફંડ ખાતે - - પેટા નિયમઃ- ૫૫(ક)(૧૦) | 18,87,765.00 | **3,14,62,759.00** |

**ઠરાવ મુકનારઃ- ગુણવંતરાય રવિશંકર જોષી          ટેકો આપનારઃ- જયસુખલાલ એ. મણીયાર**

**ઠરાવ નં.૫ઃ**

સને ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ માટે સભાસદ ભેટ આપવા અંગે ચર્ચા વિચારણા કરતા રાજય રજિસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર તા. ૨૨-૦૫-૨૦૦૭ના પરિપત્રની જોગવાઈ મુજબ રૂા. ૭૫૦/- અંકે રૂપિયા સાતસો પચાશ પુરાની મર્યાદામાં ચાંદીનો સિકકો સભાસદ ભેટ તરીકે આપવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ મુકનારઃ- ખુજેમા સૈફુદીન મર્ચન્ટ          ટેકો આપનારઃ- પરસોતમ સી. ખાસીત**

**ઠરાવ નં. ૬**

વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન નબળા તથા અન્ય એનપીએ ખાતાંઓના કરજદારો અને / અથવા જામીનો સાથે સમાધાનથી વસુલ કરેલ ધીરાણ ખાતાંઓ માટે બોર્ડ ઓફ ડાયરેકટર્સ ધ્વારા લેવાયેલ નિર્ણયોને બહાલી / મંજુરી આપવામાં આવી.

**ઠરાવ મુકનારઃ- કિરીટ હિમતલાલ શાહ          ટેકો આપનારઃ - પ્રકાશભાઈ બી. જાની**

**ઠરાવ નં.૭**

**ચેરમેનશ્રી ની મંજુરીથીઃ**

(૧) વાઈસ ચેરમેન શ્રી નાથાલાલ મુંગરા તરફથી બેંકના સને ૨૦૧૮-૧૯ના વર્ષના કામકાજનો અહેવાલ રજુ કરતા સમયે બેંક તરફથી અપાતી મહતમ સેવાઓ ફ્રી ઓફ ચાર્જ આપવામાં આવતી હોવા છતા બેંકના નફામાં ઉતરોતર વધારો થતો હોવાનું જણાવેલ. તાજેતરમાં બેંકની મોબાઈલ એપ માં NEFT થઈ શકે તેમજ ભારત બિલ પે સાથે લીંક કરી ખાતેદારો યુટીલીટી બિલ પે કરી શકે તેવી સુવિધા ઉમેરી બેંકના ખાતેદારોને મહતમ આધુનીક બેંકીંગની સેવાઓ પુરી પાડવામાં એક વધુ કદમ ભરવામાં આવેલ હોવાનું જણાવેલ. બેંકની લોકર સુવિધા ધરાવતી શાખાઓની વિગતો આપી સભાસદોને લોકર ભાડામાં રૂા. ૧૦૦/-નું ડીસકાઉન્ટ આપવામાં આવતું હોય તેનો લાભ લેવા જણાવેલ. બેંક ધ્વારા રાષ્ટ્રીયકૃત બેંકો તથા પ્રાઈવેટ બેંકો કરતા પણ ઓછા વ્યાજના દરથી ધિરાણો પુરા પાડવામાં આવતા હોય બેંકના ધિરાણમાં રૂા. ૬૫ કરોડ જેવો સારો એવો વધારો થયાની વિગતો આપવામાં આવી.

(૨) વરિષ્ટ સભાસદ શ્રી ઈન્દુભાઈ વોરા તરફથી બેંકના એમ. ડી. શ્રી રમણિકભાઈ શાહ ને ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંકસ ફેડરેશન અમદાવાદ તરફથી શહેરી સહકારી બેંકના ડાયરેકટર તરીકે આપેલ દિર્ઘકાલીન સેવા બદલ સન્માનીત કરેલ હોવા અંગે ગૌરવની લાગણી અનુભવતા હોવાનું જણાવી અભિનંદન આપેલ. તેમજ બેંક શીડયુલ બેંક બને તે માટે યોગ્ય કરવા સુચન કરેલ. સાથોસાથ જયારે પર્યાવરણના જતન માટે હાલ પ્રયાસો સરકારશ્રી તરફથી કરવામાં આવતા હોય અને વૃક્ષારોપણની ઝુંબેશ ચાલતી હોય તેમાં બેંક પણ સહકારી પ્રચાર ફંડ માંથી આર્થિક સહયોગ આપે તે અંગે યોગ્ય કરવા જણાવેલ.

(૩) શ્રી જીનેશભાઈ શાહ તરફથી બેંકના ભંડોળો જોતા ધિરાણ વૃઘ્ધીની શકયતા હોય અને તેનાથી બેંકનો નફો પણ વધે તેમ છે જે માટે જરૂર જણાયે હાલના વ્યાજના દરમાં અડધા થી એક ટકા જેટલો ઘટાડો કરવામાં આવે તો પણ ધિરાણ વધશે અને બેંકનો નફો પણ વધશે તો અંગે યોગ્ય વિચારણા કરવા સુચન કરેલ. શ્રી ઈન્દુભાઈ વોરા, શ્રી જવાહરભાઈ મહેતા, શ્રી જવાહરભાઈ કેશરીયા તથા શ્રી રમેશભાઈ નંદા તરફથી સીનીયર સીટીઝન હોય તેવા સભાસદોને તબીબી ખર્ચ વધુ આવતો હોય તેમના કિસ્સામાં તબીબી સહાયમાં વધારો કરવા તથા મરણોતર સહાયમાં પણ વધારો કરવા સુચના કરેલ. શ્રી ઓ.પી. મહેશ્વરી તરફથી રિઝર્વ બેંક તરફથી RTGS નો ટાઈમ વધારેલ હોય આપણી બેંકમાં પણ તે રીતે કરવા સુચના કરેલ. શ્રી વિજયભાઈ ગડા તરફથી બેંકની કામગીરીમાં થતી પ્રગતી માટે કાર્યદક્ષ અને દિર્ઘદ્રષ્ટી વાળું બોર્ડ તથા સંનીષ્ઠ તેમજ કર્તવ્ય પરાયણ સ ટાફને આભારી હોવાનું જણાવી અભિનંદન આપેલ. તેમજ થાપણો પરના એક લાખના વિમા કવચ છે અપુરતું હોય તે પીસ્તાલીશ થી પચાશ લાખ જેટલુ થાય તે માટે પ્રયાસો કરવા સુચન કરેલ. શ્રી દિનેશભાઈ નંદા તરફથી રીવર્સ મોંગેજ એડવાન્સ કરવા તથા શ્રી નિલેશભાઈ કગથરા તરફથી ધિરાણ વૃઘ્ધી બાબતે કરેલ સુચનોની પણ નોંધ લેવામાં આવેલ છે.

(૪) બેંકના મેનેજીંગ ડાયરેકટર શ્રી રમણિકભાઈ શાહ તરફથી સભાસદો તરફથી રજુ થયેલ સુચનો સંદર્ભમાં પત્યુતર આપતા જણાવેલ બેંકે આજ સુધી એક પણ કિસ્સામાં મુદલ કયારેય માંડવાળ કરેલ નથી. ફકત રાજય સરકારશ્રી તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા આપવામાં આવેલ ગાઈલાઈન્સ મુજબ નબળા ધિરાણ ખાતાઓમાં સમાધાન પ્રકિયા કરી સેટલમેન્ટ કરવામાં આવે છે. વ્યાજના દર તથા સભાસદોને આપવામાં આવતી તબીબી સહાય તથા મરણોતર સહાયમાં બોર્ડ આ અંગે હકારાત્મક વિચારણા કરી યોગ્ય કરશે તેમ જણાવેલ. જે બાદ બેંકની કામગીરી અંગે વિગતો આપતા જણાવેલ કે કામગીરીમાં સતત સુધારાત્મક અને ગ્રાહકલક્ષી બને તે માટે સાથી ડાયરેકટરશ્રીઓના સતત પ્રયત્નશીલ છે. સ્ટાફ તરફથી અપાતી પણ ખુબ સારી ગ્રાહક સેવાઓ આપવામાં આવે છે. જેના કારણે બેંક મોટા ભાગની સેવાઓ ફ્રી ઓફ ચાર્જ આપતી હોવા છતાં બેંકનો ઓલ ટાઈમ હાઈ કાર્યકારી નફો રૂા. ૧૮.૭૮ કરોડના થયેલ હોવાનું સભા સમક્ષ રજુકરી આનંદની લાગણી વ્યકત કરેલ.

બેંકનો વહીવટ કરકસર યુકત હોવાનું સ્વીકારી બેંકને ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંકસ ફેડરેશન તરફથી એફીસીયેન્સી રેશીયો તથા કાસા ડિપોઝીટ ક્ષેત્રે થયેલ કામગીરી બદલ એવોર્ડ આપી પોત્સાહીત કરેલ હોવાની વિગતોથી સામાન્ય સભાને વાકેફ કરી આનંદની લાગણી વ્યકત કરેલ. તેમજ આપણી બેંક શીડયુલ બેંક બને તે માટે હાલની થાપણમાં રૂા. ૧૦૦ કરોડ જેટલો વધારો થાય તે માટે સભાસદોને જરૂરી સહકાર આપવા અપીલ કરવામાં આવેલ.

બેંક તરફથી બિનપરંપરાગત ઉર્જા જેવી કે વિન્ડ મીલ, સોલાર પેનલ વિગેરે માટે ખુબ હળવો વ્યાજનો દર રાખી સભાસદો મહતમ તે બાજુ વળે તે માટે પ્રયાસો કરેલ છે. સાથોસાથ જામનગર શહેરીજનોનું ઘરના ઘરનું સ્વપન્ન પુરૂ પાડવા માટે હળવા વ્યાજના દર થી હાઉસીંગ લોન આપવામાં આવે છે. તેમજ બેંક દ્વારા આપવામાં આવતી હાઉસીંગ લોન અન્વયે પાત્ર લાભાર્થીને પ્રધાનમંત્રી આવાસ યોજના નીચે વ્યાજ સબસીડીનો લાભ મળે

તે માટે આપણી બેંક માન્ય ગણાય તે રીતે રજીસ્ટર્ડ કરાવેલ છે. આજ સુધી રૂા. એક કરોડ જેટલી વ્યાજ સબસીડીનો લાભ બેંક માંથી લોન લેનાર સભાસદોને મળેલ છે.

સભાસદોને માંદગીમાં થતા તબીબી ખર્ચમાં મદદરૂપ થવા માટે પણ સભાસદ કલ્યાણ ફંડ નીચે આવા લાભો આપવામાં આવતા હોવાની વિગતો જણાવેલ. સને ૧૮-૧૯ના વર્ષ દરમ્યાન ૫૮૭ સભાસદોને રૂા. ૬૪.૧૧ લાખની તબીબી સહાય આપવામાં આવેલ હોવાની વિગતો આપેલ.

જે રીતે બેંકની દરેક શાખામાં જામનગર મહાનગરપાલીકાના હાઉસ ટેક્ષના બિલો તથા ગુજરાત ગેસ ના બિલો ભરવાની સુવિધા પુરી પડાયેલ છે તે જ રીતે વિજબિલો / મોબાઈલ બિલો / લેન્ડલાઈન ફોન બિલો પણ બેંકની દરેક શાખામાં ભરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહેલ હોવાની વિગતો સભા સમક્ષ જણાવવામાં આવી.

જો.મેનેર્જીગ ડાયરેકટર શ્રી હિતેશભાઈ પરમાર તરફથી સાધારણ સભામાં આટલી મોટી સભાસદોની હાજરી તેમજ ચર્ચામાં લેવામાં આવેલ ભાગ અને કરવામાં આવેલ સુચનો લક્ષમાં લેતા બેંકના ટ્રાન્સપરન્ટ વહીવટ તથા તંદુરસ્ત લોકશાહીની નિશાની હોવાનું જણાવી તમામ સર્વે સભાસદોનો આભાર માનવામાં આવેલ. તેમજ ચેરમેનશ્રી ની મંજુરીથી સભા પૂરી થયેલ જાહેર કરવામાં આવી.

**માનનીય સભાસદ ભાઈઓ તથા બહેનો,**

આપના તરફથી કેવાયસી અંગે નીચે જણાવેલ વિગતો આપેલ ન હોય તો ત્વરીત બેંકની હિરજી મીસ્ત્રી રોડ પ્રણામી સ્કુલ સામે આવેલ રજીસ્ટર્ડ ઓફીસમાં આપી જવા ખાસ વિનંતી છે. જેથી આપને મળતા લાભોથી આપ વંચીત રહેવા ન પામો.

૧. **વ્યક્તિગત નામે શેર ધારણ કરેલ હોય**
 - ૧. ફોટો ૨ કોપીમાં
 - ૨. એડ્રેસ પ્રુફની નકલ (સેલ્ફ એટેસ્ટેડ)
 - ૩. પાન કાર્ડની કોપી (સેલ્ફ એટેસ્ટેડ)
 - ૪. ફોટો આઈડેન્ટીટી માટે કોઈ સરકારી પ્રુફની નકલ (સેલ્ફ એટેસ્ટેડ)

૨. **ભાગીદારી પેઢી / કંપની / સંસ્થાના નામે શેર ધારણ કરેલ હોય**
 - ૧. ભાગીદારી પેઢીનું ડીડ / કંપનીનું બંધારણ / સંસ્થાનું બંધારણની નકલ
 - ૨. ભાગીદારોના / કંપની ડાયરેકટરોના / સંસ્થાના હોદેદારોના ફોટા બે નકલમાં
 - ૩. દરેકના પાન કાર્ડની નકલ (સેલ્ફ એટેસ્ટેડ)

સહકારી કાયદામાં થયેલ સુધારા મુજબ બેંકના સભાસદ તરીકે ચાલુ રહેવા માટે પાંચ વર્ષનાસમય દરમ્યાન ઓછામાં ઓછી બે સાધારણ સભામાં હાજરી આપવી અથવા બેંકની ન્યુનતમ સેવા લેવી ફરજીયાત હોય આપનું બેંકની શાખામાં બચત કે ચાલુ ખાતુ ન હોય તો તાત્કાલીક બેંકની નજીકની શાખામાં ખોલાવી લેવા ખાસ વિનંતી છે. તેમજ બેંકના સભાસદ તરીકે આપના કુટુંબીજનોના થાપણ ખાતાઓ બેંકમાં હોય તે જરૂરી હોય તે ખોલાવવા માટે રસ લઈ બેંકની પ્રગતિમાં યોગદાન આપવા વિનંતી છે.

**બેંકમાં મુકવામાં આવેલ થાપણો રિઝર્વ બેંકની વખતોવખત ગાઈડલાન્સ મુજબ રૂા. પાંચ લાખ સુધીની થાપણો વિમા કવચથી સુરક્ષીત છે. જેનું ભરવાપાત્ર પ્રિમીયમ નિયમીત રીતે બેંક તરફથી ભરવામાં આવે છે.**

## સભાસદો માટે બેંક ધ્વારા અપાતી વિવીધ સવલતો

**૧. સભાસદને બેંકમાં ભાડે રાખવામાં આવતા લોકર ભાડામાં રાહત.**

**૨. સભાસદ પોતાને તથા તેની પત્ની / પતિને તથા આધારીત ૧૬ વર્ષ કે તેથી નીચેના સંતાનોને હોસ્પીટલમાં દાખલ થઈ લીધેલ સારવારમાં થયેલ તબીબી ખર્ચના ૮૦% લેખે મહતમ રૂા. ૧૫૦૦૦/- સુધીની તબીબી સહાય**

**૩. સભાસદનું અવસાન થયે તેના વારસદારોને રૂા. ૧૫૦૦૦/-ની મરણોતર સહાય.**

**૪. સભાસદોને તેજસ્વી બાળકોને પ્રોત્સાહીત કરવા માટે પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે.**

**૫. સભાસદોને દર વર્ષે તેને કરેલ શેર ધારણ પર ૧૫% ડીવીડન્ડ આપવામાં આવે છે.**